# કામણ અને કમાણી કરતા કુટુંબની કોન્ટ્રોવર્સી કથા 'ધ કર્દાશિયન્સ'

દેખાદેખી



અમેરિકન રિયાલિટી ટીવીશોમાં ઘણા બધા રિયાલિટી શો એવા છે જે અમેરિકાની ભાર દુનિયાભરમાં જોવાયા છે. આ યાદીમાં 'ધ કર્દાશિયન્સ' શો એક યાદગાર નામ છે. એમ તો આ શો, 'કીપિંગ અપ વિથ ધ કર્દાશિયન્સ' (KUWTK)ના નામે 2007 થી 2021 સુધી ચાલ્યો, હવે 'ધ કર્દાશિયન્સ' તરીકે નવા નામે નવો દાવ રમવા આવી રહ્યો છે. કિમ, કોર્ટની, ખ્લો, કેન્ડલ, કાયલી અને ક્રિસ જેનર આ નામો છે K (કર્દાશિયન્સ) સિસ્ટર્સના. તેમના ફેમેલી મેમ્બર્સની પર્સનલ લાઈફ, બિઝનેસ, પૈસા, લવસ્ટોરી(ઓ) અને ફેમેલી કોન્ટ્રોવર્સી દર્શાવતો આ શો એન્ટરટેઈનમેન્ટની સાથે એક કલચરલ ફેનોમેન બન્યો છે.

ધ કર્દાશિયન્સ' શોની સ્ટોરી શરૂ થાય છે 2007માં, જ્યારે કિમ કાર્ડેશિયનનો એક વાઈરલ વીડિયો - જેમાં તેનો બોયફ્રેન્ડ રે-જે સાથેનો ઈન્ટીમેન્ટ સીનનો વાયરલ થતો હતો. આ ઘટનાથી K ફેમેલી તરત જ ફેમસ થઈ અને તરત જ એક ચેનલે 'કીપિંગ અપ વિથ ધ કર્દાશિયન્સ' નામનો રિયાલિટી શો લોન્ચ કર્યો.

આ શોમાં K-કુટુંબની ડેઈલી લાઈફ, કામ, લગ્ન, ડિવોર્સ અને વિવાદોને એવા અનફિલ્ટર્ડ રીતે બતાવ્યા જેના કારણે તે વિશ્વભરના સૌથી વધુ જોવાતા રિયાલિટી શોમાંનો એક બની ગયો. એટલે કે શોની લોકપ્રિયતાના મુખ્ય કારણોમાં શામેલ છે: ફેમેલી ડ્રામા અને સિસ્ટર ડાયનેમિક્સ: કાર્ડેશિયન-જેનર ફેમેલીની બહેનો વચ્ચેના વાદ-વિવાદ, લવ અને સપોર્ટની વાર્તાઓ ઑડિયન્સને આકર્ષે છે. જેમ કે કિમના Skims, કાયલીના Kylie Cosmetics અને કોર્ટનીના Poosh જેવા બ્રૅન્ડએ આ કર્દાશિયન ફેમેલીની નેટવર્થને 2 અબજ ડૉલરથી વધુ બનાવી દીધી છે. આ શો તેમની આ બિઝનેસ સક્સેસને પણ પ્રમોટ કરે છે. કર્દાશિયન્સે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને તેમની ખ્યાતિને ગ્લોબલ લેવલે ફેલાવી છે. તેમના મીમ્સ, ફેશન અને વાઈરલ મોમેન્ટ્સે તેમને સોશિયલ મીડિયા અને પોપ કલ્ચર આઈકન બનાવ્યા. 2021માં KUWTKના અંત પછી, 'ધ કર્દાશિયન્સ' લોન્ચ થયો, જેમાં તેઓ વધારે પ્રોફેશનલ પ્રોડક્શન અને પર્સનલ સ્ટોરીઝ પર ફોકસ કરે છે.

KUWTKના 20 સિઝનમાં અનેક એવી ઘટનાઓ બની જે આજે પણ ચર્ચામાં છે. આ શોની US $100 મિલિયનથી વધુની કમાણીનું રહસ્ય આ ડ્રામામાં છે: જેણે આ શોને યાદગાર (વાયરલ) બનાવ્યો જેમની આજે યાદ કરીએ જે તમને આ સિઝન -7 જોનારાઓ માટે રિકોલ હશે તો નવા ઑડિયન્સ માટે સ્ટોરી. પેરિસ ફેશન વીક દરમિયાન કિમ પર હુમલો થયો, જ્યાં તેના 10 મિલિયન ડૉલરના ઘરેણાં પણ લૂંટાયા. આ ઘટના શોમાં એવી ભાવૂક રીતે દર્શાવવામાં આવી, જેને દર્શકોના હૃદયને સ્પર્શી ગઈ.

ત્રિસ્ટન થોમ્પસનના ખ્લો સાથેના ચીટિંગનો વીડિયો લીક થયો, જેમાં જોર્ડિન વુડ્સ પણ સામેલ હતી. આ કિસ્સા એ કુટુંબની મિત્રતા તોડી નાખી અને શોમાં સૌથી મોટુ સ્કેન્ડલ બન્યો.

કર્ટની કર્દાશિયન્સ અને તેના લોન્ગ ટાઈમ પાર્ટનર સ્કોટ ડિસિકના ઓન-ઓફ રિલેશને શોને અનેક ડ્રામેટિક મોમેન્ટ્સ આપ્યા. તેમના વારંવારના બ્રેકઅપ અને પેચઅપથી ઑડિયન્સ એન્ટરટેઈન થતું, તેમના ત્રણ બાળકો મેઝન, પેન્ટલોપ અને રેઈનને જન્મ આપવાની વાત ફેમેલી બોન્ડને હાઈલાઈટ કરી આપતું.

કિમ કર્દાશિયન્સનું ક્રિસ હમ્ફ્રીઝ સાથેનું 72 દિવસનું લગ્ન એક મોટું સ્કેન્ડલ બન્યું હતું. આ ઘટના શોમાં ખૂબ વિસ્તારથી બતાવવામાં આવી, જેને એક બિઝનેસ ડીલ તરીકે પણ લોકો જોવા લાગ્યા અને તેમની ટીકા પણ થઈ.

ખ્લો કર્દાશિયન્સનો પતિ લેમર ઓડોમનું ડ્રગ્સનાં કારણે ઓવરડોઝ થવું અને તેનું કોમામાં જવું એક ઈમોશનલ સીઝન હતી. ખ્લોએ તેને સપોર્ટ આપ્યો. બ્રુસ જેનર (હવે કેઈટલિન જેનર)નું ટ્રાન્સજેન્ડર ટ્રાન્ઝિશન શોમાં એક મહત્ત્વપૂર્ણ અને સેન્સેટિવ સ્ટોરી હતી. તેને દુનિયાબહારના મીડિયામાં કવર કરવામાં આવી અને LGBTQ+ અવેરનેસ વધારવામાં મદદ કરી.

આ બધી કિસ્સા કે કોન્ટ્રોવર્સીએ શોને માત્ર મનોરંજન જ નહીં, પરંતુ રિયલ લાઈફ ટચ આપ્યો. જેના કારણે તે 14 વર્ષ સુધી ચાલ્યો.

આ બધામાં ફેન્સના પાગલપણાની હદ આવી. કર્દાશિયન્સના વાઈરલ મોમેન્ટ્સ અને સોશિયલ મીડિયા ફ્રેન્ઝી-કર્દાશિયન્સના ફેન્સને 'કાર્દી બીઝ' કહેવામાં આવે છે અને તેમની ગાંડપણનું સ્તર અલગ છે. શોના ડ્રામેટિક મોમેન્ટ્સ - જેમ કે કિમનું 'આઈ બ્રોક માઈ ડાયટ' ક્રાઈંગ અથવા ખ્લોનું 'આઈ એમ કોર્ટની' શાઉટ - વારંવાર વાઈરલ થાય છે. યુટ્યુબ પર રિએક્શન વીડિયો મિલિયન્સ વ્યુઝ મેળવે છે.

તો સોશિયલ મીડિયા પર »KUWTK હેશટેગથી મીમ્સ, ફેન આર્ટ અને થિયરીઝનો વિસ્ફોટ થયો છે. કેટલાક ફેન્સ તો કર્દાશિયન્સના લુક્સને રિક્રિએટ કરે છે, ફેન્સની આ ગાંડપણે K ફેમેલીને બિલિયન-ડૉલર એમ્પાયર બનાવી આપ્યો છે, તો ક્યારેક વધુ પડતી ટ્રોલિંગ પણ થાય છે.

હવે, સીઝન-7 24 ઓક્ટોબરથી જિયો હોટ સ્ટાર પર સ્ટ્રીમિંગ થઈ છે, જેમાં વધુ પર્સનલ સ્ટોરીઝ - જેમ કે ક્રિસના MAC ડીલથી થતી લડાઈ, હેલોવીન તૈયારીઓ અને બિઝનેસ માઈલસ્ટોન્સ જોવા મળવાના છે. ●

## રીયલ સિરીયલ

# જય ભાનુશાલી માહીના ડાઈવોર્સ પાછળ કારણ શું?



કામમાં બિઝી રહેવું, એક પછી એક શો કરવાના હોય, નવા પ્રોજેક્ટ વિશે વિચારવાનું હોય, સોશિયલ મિડિયામાં પણ એક્ટિવ રહેવાનું હોય આ એટલું બધુ જરૂરી છે કે ભલેને પછી પરિવારને ભૂલી જવો પડે!

અને તેને કારણે જો છૂટાછેડા પણ થઈ જાય તો શું થયું? બીજા મેરેજ કરી લઈશ! અને જો સંતાનો છે તો કોર્ટમાં લડવા પણ તૈયાર રહેશે કે કસ્ટડી કેમ લેવી! જો સંતાન કરિયર વચ્ચે તો નહીં આવે ને? તે પણ આ ફિલ્મી અને ટીવીના સ્ટાર વિચારતા હોય છે. માહી વિજ અને જય ભાનુશાળી વચ્ચે છૂટાછેડાની ન્યૂઝ માહીની એક સિક્રેટ સોશિયલ મીડિયા પોસ્ટ ચર્ચાનું કેન્દ્ર બની છે. જય અને માહીએ આ વર્ષની શરૂઆતમાં જ અલગ થવાનો નિર્ણય લીધો હતો. માહીએ તો અગાઉ છૂટાછેડાનો સંકેત પણ આપ્યો હતો. જો કે જય અને માહી હાલ આ બાબતે કશું કહેવા તૈયાર તો નથી પણ જલ્દી જ સોશિયલ મિડિયા બધુ જ જણાવી દેશે!

માહીનું કહેવું છે કે જય તેની પર્સનલ લાઈફમાં ઈન્ટરફેઈર કરે છે અને આ કારણે જ મહિનાઓ પહેલા કોર્ટમાં ડોક્યમેન્ટ સબમિટ પણ કરી દીધા હતા. ટીવી સ્ટાર માટે પ્રેમ કરતા પર્સનલ લાઈફ વધુ મહત્ત્વ હોય છે, પ્રેમ કરતા વધુ પૈસા મહત્ત્વના હોય છે, પ્રેમ કરતા આઝાદી વધારે પસંદ હોય છે. ટીવી સ્ટારનું માઈન્ડ એ રીતે ટેવાયું હોય કે ન પૂછો વાત! નખરા, ફાલતું શોખ પૂરા કરવા પૈસાનું પાણી કરતા જરા પણ પાછીપાની ન કરનારા આ સિતારા કોઈ એકની સાથે રહી જીવન વિતાવી ન શકે, તેમને નવીનતા જોઈએ જ જોઈએ. ●

# પવિત્રા, પ્રેમીને દેખાડવા નથી માંગતી?



લગનસરા સાથએ ટીવી સ્ટાર્સના જીવનમાં પણ લગ્નનો માહોલ છવાયો છે. 'બાલિકાવધૂ'ની આનંદીનાં લગ્ન બાદ હવે 'બાલવીર રિટર્નસ'ની ઈવિલ પરી પવિત્રા પુનિયા પણ ટૂંક સમયમાં મેરિડ લિસ્ટમાં સામેલ થવા જઈ રહી છે. પવિત્રાએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ મૂકીને ફેન્સને જણાવ્યું છે કે તેના એંગેજમેન્ટ થઈ ચૂક્યા છે. તેણે એ પણ ખુલાસો કર્યો કે તેણે આ વર્ષે દિવાળી પોતાનાં પરિવાર સાથે નહીં, પરંતુ તેના બોયફ્રેન્ડ અને ઈન-લૉ સાથે ઉજવી. જોકે નવાઈની વાત એ છે કે તેણે મંગેતરનું નામ અને ફેસ રિવીલ નથી કર્યો. પવિત્રાએ પોતાના મંગેતર વિશે જણાવ્યું છે કે તે USA બેઝ્ડ એન્ટેપ્રેન્યોર છે અને પરિવાર સાથે અમેરિકામાં જ સ્થાયી છે તથા તે કોઈ પણ રીતે ફિલ્મો સાથે જોડાયેલો નથી. પવિત્રાએ પોતાના એંગેજમેન્ટના ફોટોઝ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર શેર કર્યા છે, પણ ફોટોમાં તેના મંગેતરનો ફેસ દેખાય ન જાય તેનું ધ્યાન રખાયું છે. એંગેજમેન્ટ પછી પણ આ રીતે ફેસ છુપાવવાનું કારણ શું છે તે હજી જણાયું નથી. આ પહેલાં પવિત્રાનું નામ બિગ બોસ 14માં એજાઝ ખાન સાથે જોડાયું હતું. બિગ બોસના સેટ પર તેમની કેમેસ્ટ્રી સારી લાગતી હતી. બંને શો બાદ પણ સાથે જોવા મળતાં હતા. એજાઝ તો પોતાના ફેમેલીને પણ પવિત્રાને મળાવી ચૂક્યો હતો. આ કપલ લાંબા સમય સુધી સમાચારમાં રહ્યું, પરંતુ ચાર વર્ષ સાથે રહ્યા પછી બંને વચ્ચે મેળ ન ખાતાં ફેબ્રુઆરી 2024માં બ્રેકઅપ થયું હતું. ●

# મહાભારતનાં નવા રંગ બતાવતી સિરીઝ કુરુક્ષેત્ર

રિવ્યૂ

પહેલા પણ પૌરાણિક કથાઓ પર આધારિત ઘણી એનિમેટેડ ફિલ્મો અને સિરીઝ બનાવવામાં આવી છે, પરંતુ જુલાઈ 2025માં થિયેટરમાં રિલીઝ થયેલી 'મહાવતાર નરસિંમ્હા' એ આ કોન્ટેન્ટ તરફ વળવા ઑડિયન્સને ફરજ પાડી. અશ્વિન કુમાર દિગ્દર્શિત આ ફિલ્મે 251.16 કરોડ અને વિશ્વભરમાં 326.68 કરોડનું કુલ કલેક્શન મેળવ્યું. આ ફિલ્મ બ્લોકબસ્ટર તો સાબિત થઈ જ પણ જ્યારે આ ફિલ્મ OTT પ્લેટફોર્મ પર રિલીઝ થઈ, ત્યારે તે ઘણા અઠવાડિયા સુધી ટોપ રહી. હવે, ઓક્ટોબરમાં નેટફ્લિક્સ પર મહાકાવ્ય મહાભારત પર આધારિત એનિમેટેડ વેબ સિરીઝ 'કુરુક્ષેત્ર' રિલીઝ થઈ છે. જે અનુ સિક્કા દ્વારા બનાવવામાં આવી છે અને ઉજાન ગાંગુલી દ્વારા દિગ્દર્શિત છે.

આ વેબ સિરીઝ 18 યોદ્ધાઓની આંખો દ્વારા 18 દિવસના ભયાનક મહાકાવ્ય યુદ્ધને દર્શાવે છે, જે તેમના સંઘર્ષો અને નૈતિક દુવિધાઓને શોધે છે. તે પાંડવો અને કૌરવો વચ્ચેના સંઘર્ષમાં વફાદારીની વિનાશક કિંમતને ઉજાગર કરે છે.

આ બે ભાગની સિરીઝનો પહેલો ભાગ નવ યોદ્ધાઓ- સંજય, વિશ્વરૂપ, ભીષ્મ, દ્રોણાચાર્ય, અભિમન્યુ, જયદ્રથ, અર્જુન, ઘટોત્કચ અને યુધિષ્ઠિર પર છે. આ અગ્રણી સદનસીબે, યુદ્ધની વિનાશક શક્તિ પર વાત કહેવા સાથે યોદ્ધાઓના આંતરિક સંઘર્ષો અને નૈતિક દ્વિધાઓની શોધ કરે છે. આ સંઘર્ષો અને દ્વિધાઓ 18 દિવસના યુદ્ધ દરમિયાન તેમના નિર્ણયોને આકાર આપે છે. આ એનિમેટેડ શ્રેણી, કુરુક્ષેત્ર વિશે આપણે પહેલાં




વાંચ્યું, જોયું કે સાંભળ્યું હોય તેનાથી અલગ, યુદ્ધ, યોદ્ધાઓની વાત અને પરિણામોની જાણકારી આપે છે. ટેલિવિઝન, ફિલ્મો, OTT પ્લેટફોર્મથી લઈને થિયેટર સુધીના વિવિધ માધ્યમોમાં અસંખ્ય વખત 'મહાભારત' જોવામાં આવ્યું છે. છતાં, 'કુરુક્ષેત્ર' દ્વારા આ મહાકાવ્યને ફરીથી કલ્પના કરવાની હિંમત કરે છે. લેખક-દિગ્દર્શક ઉજન ગાંગુલી ભારતના આ મહાકાવ્યને એક એનિમેશન પ્લેટફોર્મ પર એક માસ્ટરફુલ વિઝ્યુલ અપીલ સાથે રજૂ કરે છે.

કમ્પ્યુટર-જનરેટેડ CJI અને VFX દ્વારા, તેને એ રીતે બનાવવામાં આવ્યું છે કે તે તમને પહેલા જ દૃશ્યથી જકડી લે છે. યુદ્ધભૂમિની ભવ્યતા, તેની દૈવી હાજરી અને રંગોનો ઉપયોગ સ્ક્રીન પર ફાસ્ટ મોશન એક્શન સિક્વન્સને જીવંત બનાવે છે. જો કે, આ ભવ્યતા હોવા છતાં, સિરીઝ ક્યારેક ઈનોશનલી બોર કરે છે.

શોનું ડબિંગ પર ખૂબ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જો કે, જરૂરી લાગણીઓ ઘણીવાર લોકો સુધી પહોંચવામાં નિષ્ફળ જાય છે. પરંતુ ગુલઝાર સાબ દ્વારા લખાયેલ સુંદર ટાઈટલ સોંગ આ ખામીઓને સરભર કરે છે.

શોમાં વોઈસ-ઓવર કલાકારોનો અભિનય પ્રભાવશાળી છે. અર્જુન તરીકે સૌમ્ય દાન અને યુધિષ્ઠિર તરીકે અન્નમય વર્મા, પવન કાલરા દુર્યોધન બની તેમના પાત્રોને પ્રામાણિકતાથી ભરે છે. નિર્માતાઓએ સિરીઝને બે ભાગમાં બનાવી યોગ્ય નિર્ણય લીધો છે. પહેલો ભાગ અસરકારક રીતે પાત્રો માટે પાયો પૂરો પાડે છે, ત્યારે સિક્વલ હવે બાકીની નવ વાર્તાઓ માટે જિજ્ઞાસા ઊભી કરે છે. જેમને આ સિરિઝના પહેલી સીઝન જોઈ હોય તેમણે બીજી સિઝન જોવાની લગભગ શરૂ કરી જ દીધી હશે. નાનકડા એપિસોડ બિન્જ વોચ કરવા બાંધી રાખે છે અને મહાભારતની વાર્તા જોવી કોને ન ગમે? એટલે હવે બને સીઝનના 18 એક સાથે પણ જોઈ શકો છો ●



# બીગ બોસમાં વધુ એક વાઇલ્ડ કાર્ડ?

સ્મોલ સ્ક્રિન

બીગબોસ હાઉસમાં છેલ્લા કેટલાક એપિસોડથી નોટિસ કર્યુ હશે કે લડાઈ-ઝગડાનું લેવલ વધી ગયું છે. પહેલા ફરહાના પછી કુનિકા પછી નેહલ ત્યાર બાદ વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી મેળવી શોમાં માલતી લડાઈ-ઝગડાનું લેવલ વધારતી જોવા મળે છે અને હવે શોમાં એક નવી વાઈલ્ડ કાર્ડની એન્ટ્રી થઈ શકે છે. જે અભિષેક અને અશનૂરની ઊંઘ ઉડાડી દીધી છે. સલમાને એક હિન્ટ આપી એટલે અભિષેક અને અશનૂર સમજી ગયા કે હવે શું કરવું? અને બંનેએ વાત કરવા પાણીના પૂલમાં જઈ વાત કરી લીધી. જે વાત ફરહાના અને ફેકું તાન્યાને ખબર પડી ગઈ. વાત જાણે એમ છે કે અભિષેક અને અશનૂરનો લવ એંગલ શોમાં ચાલે છે, જે લગભગ સ્ક્રિપ્ટેડ જ લાગી રહ્યો છે. પણ અભિષેકની એક્સ વાઈફ જો શોમાં એન્ટ્રી કરે તો જોવાવાળાને વધુ મજા આવે. તેવું જ થઈ શકે તેની સંભાવના છે. અશનૂર અને અભિષેકની વચ્ચે શું ખરેખર લવ છે કે નહીં તે હવે આવનારી વાઈલ્ડ કાર્ડ જ બતાવી દેશે. માલતીની એન્ટ્રી પર જે તાન્યાએ જે વાતાવરણ ગરમાવ્યું હતું અને જે અનસિક્યોરિટી અનુભવી રહી હતી તે દૂર થઈ જ હતી ત્યાં હવે અશનૂર અને અભિષેકની અનસિક્યોરિટી વધવાની છે. શોમાં સૌથી દમદાર રીતે દેખાતો ગૌરવને હવે વિશ્વાસ આવી ગયો છે કે ગેમ કઈ રીતે રમવી અને તેથી જ ગૌરવ પોતાની લડાઈ હોય કે બીજાની તે જાણી ગયો કે ક્યારે કોનો સાથ આપવો અને ક્યારે કોને નોમિનેટ કરવા. બીજી બાજુ અમાલની તો વાત જ શું કરવી તેની વોઈસ જ શો જોવા માટે મજબૂર કરી દે છે.

તાન્યા હવે ગેમ સમજી હોય તેમ લાગી રહ્યું છે. તાન્યાએ નિલમ સાથે લડાઈ કરી તે ચોંકાવનારી હતી. જ્યારે ઘરના ખૂણે ખૂણે તાન્યા આંસુ પાડતી ફરતી હતી ત્યારે સાથ આપવાવાળી એક નિલમ જ હતી. એ જોવા જેવું છે કે ફરહાનાનું પોસ્ટકાર્ડ જ્યારે અમાલને મળ્યું ત્યારે અમાલે કહ્યું ગમે તે થાય-ભલે હું કેપ્ટનની રેસમાંથી બહાર થઈ જાવ પણ પોસ્ટકાર્ડ નહીં ફાડું. અમાલે માનવતા બતાવી. પણ તેના પછી નિલમનું પોસ્ટકાર્ડ આવ્યું ત્યારે ફરહાનાએ તેને ફાડી નાખ્યો. એ જ ફરહાના પાસે જઈ તાન્યાએ દોસ્તીનો હાથ લંબાવ્યો કેવું કહેવાય! ●